


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૧૫ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ બીજ, સોમવાર ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# ઉત્તર ભારતમાં ઠંડી-ધુમ્મસનો માહોલ યથાવત

## કાશ્મીરમાં બરફવર્ષા અને વરસાદ સાથે સખત ઠંડીનો ચિલ્લાઇ કલાન ગાળો શરૂ



**સ્કી રિસોર્ટ** ગુલમર્ગમાં બે ઇંચ બરફ છવાઇ ગયો, સોનમર્ગમાં પણ રવિવાર સવારથી બરફવર્ષા શરૂ

**ટેકરીઓ** પર બરફવર્ષા, શ્રીનગર સહિતના કેટલાક મેદાની વિસ્તારોમાં વરસાદ



**શ્રીનગર, તા. 21 (PTI).** આજે રવિવારે કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઇ હતી અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો, જ્યારે કે 40 દિવસનો સૌથી કઠોર શિયાળાનો સમયગાળો 'ચિલ્લાઈ-કલાન' આજથી શરૂ થઇ ગયો છે. જો કે ખીણના લોકોને લાંબા સૂકા સમયગાળા પછી વરસાદે ખૂબ જ જરૂરી એવી

...અનુસંધાન પાના 2 પર



**પંજાબ,** હરિયાણા અને ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં ગાઢ ધુમ્મસનું આવરણ

**દિલ્હીમાં** પણ ઠંડી અને ધુમ્મસનો માહોલ : ઉત્તરાખંડમાં પણ સખત ઠંડી

**હિમાચલ,** યુપી, બિહાર, ઝારખંડમાં ઓરેન્જ જ્યારે 10થી વધુ રાજ્યોમાં યલો એલર્ટ

**નવી દિલ્હી, તા. 21 (PTI):** રવિવારે ઉત્તર ભારતમાં વર્ષના અંતમાં ઠંડી અસમાન રહી કારણ કે ઉપરના વિસ્તારોમાં બરફવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદને કારણે જમ્મુ અને કાશ્મીરમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો, જ્યારે પંજાબ અને હરિયાણામાં ઠંડા દિવસની સ્થિતિ પ્રવર્તતી હતી જ્યારે દિલ્હી અને ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં ધુમ્મસના કારણે દશ્યક્ષમતા પર અસર પડી હતી. હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર અને

...અનુસંધાન પાના 5 પર

### દિલ્હી એરપોર્ટ પર ધુમ્મસને કારણે 110 ફ્લાઇટ્સ રદ, 370થી વધુ મોડી

રવિવારે દિલ્હી એરપોર્ટ પર ધુમ્મસને કારણે ઓછી દૃશ્યતા હોવાને કારણે કુલ 110 ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને 370થી વધુ સેવાઓ મોડી પડી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે એરપોર્ટ પર ૫૯ આગમન અને ૫૧ પ્રસ્થાન રદ કરવામાં આવ્યા હતા. ફ્લાઇટ ટ્રેકિંગ વેબસાઇટ Flightradar24.com પર ઉપલબ્ધ નવીનતમ માહિતી અનુસાર, 370થી વધુ ફ્લાઇટ્સ મોડી પડી હતી અને એરપોર્ટ પર પ્રસ્થાન માટે સરેરાશ વિલંબનો

...અનુસંધાન પાના 5 પર

## ઇલોન મસ્ક 700 અબજ ડોલરની સંપત્તિ પાર કરનાર પ્રથમ વ્યક્તિ

**ટ્રિલિયોનર** બનવાની નજીક પહોંચેલા મસ્ક બીજા સૌથી ધનિક લેરી પેજ કરતાં ત્રણ ગણી વધારે સંપત્તિના માલિક

**મસ્કની** સંપત્તિ ભારતના ટોચના 40 ધનિકો જેટલી, પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળની કુલ GDP કરતાં પણ વધુ



**નવી દિલ્હી, તા. 21 :** વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કની કુલ સંપત્તિ 750 બિલિયન ડોલર અર્થાત રૂ. 67.18 લાખ કરોડને વટાવી ગઈ છે. મસ્ક આ કુલ સંપત્તિના આંકડા સુધી પહોંચનારા વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા છે. આ પહેલા, 16 ડિસેમ્બરે, મસ્કની સંપત્તિ 600 બિલિયન ડોલર અર્થાત રૂ. 54 લાખ કરોડ સુધી પહોંચી ગઈ હતી.

ડેલવેર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આ વધારો થયો છે, ડેલવેર સુપ્રીમ કોર્ટે શુક્રવારે નીચલી અદાલતના અગાઉના ચુકાદાને ઉલટાવી ટેક બિલિયોનેર એલોન મસ્કના લાંબા સમયથી વિવાદિત 56 બિલિયન ડોલરના ટેસ્લા પગાર પેકેજને મંજૂરી આપી હતી. કોર્ટે ચુકાદો આપ્યો કે મસ્કના 2018 ના પગાર યોજનાને રદ કરવાનો નીચલી અદાલતનો અગાઉનો નિર્ણય ખૂબ જ આત્યંતિક ઉપાય

...અનુસંધાન પાના 5 પર

## બાંગ્લાદેશના ચટ્ટોગ્રામમાં આવેલ ભારતીય વિઝા કેન્દ્રે કામગીરી અટકાવી દીધી

**અહીં ગુરુવારે** સહાયક હાઇ કમિશનરના નિવાસસ્થાને પથ્થરમારો થયા બાદ લેવાયેલો નિર્ણય

**ઢાકા, તા. 21 (PTI):** મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતે રવિવારે બાંગ્લાદેશના બંદરીય શહેર ચટ્ટોગ્રામમાં તેના મિશન પર વિઝા કામગીરી આગામી સૂચના સુધી સ્થગિત કરી દીધી છે.

અગ્રણી યુવા નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ દેશમાં ફરી એકવાર અશાંતિનો માહોલ સર્જાયો અને સમગ્ર બાંગ્લાદેશમાં હુમલાઓ અને તોડફોડ થઈ હતી, જેમાં ગુરુવારે ચટ્ટોગ્રામમાં સહાયક ભારતીય ઉચ્ચાયુક્તના નિવાસસ્થાન પર પથ્થરમારો પણ સામેલ હતો. ભારતના સહાયક હાઈ કમિશન (AHCI) ચિત્તાગોંગ ખાતે તાજેતરની સુરક્ષા ઘટનાને કારણે, IVAC ચિત્તાગોંગ (ચટ્ટોગ્રામ) ખાતે ભારતીય વિઝા કામગીરી 21/12/2025 થી આગામી સૂચના સુધી સ્થગિત રહેશે એમ ભારતીય વિઝા અરજી કેન્દ્ર (IVAC) એ

...અનુસંધાન પાના 5 પર

## રેલવેની લાંબી મુસાફરી ભાડામાં પ્રતિ કીમીએ નજીવો વધારો

**રેલવે** મુસાફરીમાં ટ્રેનની એસી ટિકિટ દર 500 કિમીએ 10 રૂપિયા મોંઘી થશે

**ટૂંકા અંતર,** ઉપનગરીય અને સીઝન ટિકિટના મુસાફરોને તેની કોઇ અસર નહીં થાય



**નવી દિલ્હી, તા. 21 :** રેલવે મંત્રાલયે રવિવારે 215 કિમીથી વધુની મુસાફરી માટે સામાન્ય વર્ગ માટે ટ્રેન ટિકિટના ભાડામાં પ્રતિ કિમી 1 પૈસા અને મેલ/એક્સપ્રેસ ટ્રેનોના નોન-એસી વર્ગો અને બધી ટ્રેનોના એસી વર્ગો માટે પ્રતિ કિમી 2 પૈસાનો વધારો કરવાની જાહેરાત કરી છે. નવા દર 26 ડિસેમ્બર, 2025 થી અમલમાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભાડામાં વધારાથી 31 માર્ચ, 2026 સુધી રેલ્વેને 600 કરોડ રૂપિયા મળશે, ઉપનગરીય ટ્રેનોની માસિક સીઝન ટિકિટમાં અને અન્ય ટ્રેનોના સામાન્ય વર્ગમાં 215 કિમી સુધીની મુસાફરીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. રેલવે મંત્રાલયના

...અનુસંધાન પાના 2 પર

### તા. ૨૧-૧૨-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૨° સે. | ૧૯.૪° સે. | ૫૧% |

## અરવલ્લી પ્રદેશનો 90%થી વધુ ભાગ સુરક્ષિત : કેન્દ્ર

**અરવલ્લી** પર્વતમાળાની વ્યાખ્યા બદલાતા ત્યાં વ્યાપક ખાણકામ થવાના દાવા કેન્દ્રે ફગાવી કહ્યું જૂઠાણું ન ફેલાવો

**અરવલ્લી** પ્રદેશમાં ૧૦૦ મીટરથી ઓછી ઉંચાઇ ધરાવતા ભાગોમાં પણ ખાણકામ કરવા નહીં દેવાય

**નવી દિલ્હી/ કોલકાતા, તા. 21 (PTI):** અરવલ્લી ક્ષેત્રનો 90 ટકા ભાગ સંરક્ષિત રહેશે તેવું ભારપૂર્વક જણાવતા, કેન્દ્રએ રવિવારે એવા દાવાઓને ફગાવી દીધા કે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા મોટા પાયે ખાણકામને મંજૂરી આપશે અને આ પ્રદેશમાં નવા ખાણકામની લીઝ આપવા પર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રતિબંધને તેમણે ટાંક્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલ માળખું પર્વત પ્રણાલીના મજબૂત રક્ષણ માટે જોગવાઈ પ્રદાન કરે છે અને વ્યાપક વ્યવસ્થાપન યોજનાને અંતિમ સ્વરૂપ ન મળે ત્યાં સુધી નવા ખાણકામ લીઝ પર પ્રતિબંધ મૂકે છે. પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલ વ્યાખ્યા અરવલ્લી ક્ષેત્રના 90 ટકાથી વધુ ભાગને સંરક્ષિત વિસ્તાર હેઠળ લાવશે. પશ્ચિમ બંગાળના સુંદરવનમાં પ્રોજેક્ટ એલિફન્ટ અને રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ પર બેઠક બાદ મીડિયાકર્મીઓના પ્રશ્નોના જવાબ આપતા, યાદવે એ પણ ભાર મૂક્યો કે અરવલ્લી ક્ષેત્રના રક્ષણ અંગે કોઈ છૂટછાટ આપવામાં આવી નથી અને દાવો કર્યો કે આ મુદ્દા પર જૂઠાણા ફેલાવવામાં આવ્યા છે.

ખોટી માહિતી ફેલાવવાનું બંધ કરો! એમ કોંગ્રેસ અને અન્ય લોકોના આક્ષેપો વચ્ચે તેમણે X પર એક પોસ્ટમાં કહ્યું હતું. આ પગલું અરવલ્લીનો નાશ કરશે એવા થઈ રહેલા આક્ષેપ સંદર્ભમાં તેમણે આ કહ્યું હતું.

...અનુસંધાન પાના 5 પર




